**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૬ ડીગ્રી
લઘુતમ : ૧૩.૭ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૪૭ ટકા

# રવિવારે કોરોના સંક્રમિત ૧૪ મૃતકોના મુકિતધામમાં અગ્નિ સંસ્કાર

## છેલ્લા ચાર દિવસમાં કોરોના પોઝીટીવ ૪૫ મૃતકોના મુકિતધામ ખાતે અંતિમ સંસ્કાર કરાયા

ગાંધીનગર, તા.૨૨

સમગ્ર રાજયમાં કોરોના એ કાળો કેર વતાવ્યો છે. કોરોના પોઝીટીવ દર્દીઓના કેસનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. ત્યારે રાજયના પાટનગરમાં પણ કોરોના દર્દીઓની સંખ્યા વધુ જોવા મળી રહી છે. ત્યારે પાટનગરમાં રવિવારના રોજ ૨૦ મૃતકોના મુકિતધામ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. જેમાં ૧૪ મૃતદેહ કોરોના પોઝીટી દર્દીઓના હતા, જેઓએ આજે અંતિમ શ્વાસ લીધા હતા. જયારે મુકિતધામ ખાતે અત્યાર સુધીમાં ૫૮૮ કોરોના મૃતદેહના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. કોરોનાને પગલે સૌથી વધુ મૃત્યુ નવેમ્બર માસમાં નોંધાયા છે. જેમાં છેલ્લા ચાર દિવસમાં કોરોના પોઝીટીવ ૪૫ મૃતકોના મુકિતધામ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે.

મળતી વિગત મુજબ કોરોના એ કોહરામ મચાવ્યો છે. રાજયમાં કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે પાટનગર ગાંધીનગરમાં પણ કોરોના દર્દીઓનો આંકડો ખુબ ચિંતાજનક રીતે વધતો જોવા મળે છે. શહેરની કોવીડ હોસ્પિટલમાં ૨૫૦ થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જયારે બીજીતરફ શહેરની ખાનગી હોસ્પિટલમાં પણ મોટાભાગના બેડ હાઉસફુલ થઈ ગયા છે. ત્યારે ચાલુ માસમાં કોરોનાનો મૃત્યુદરમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. શહેરના મુકિતધામ ખાતે અત્યાર સુધીમાં ૫૮૮ કોરોના પોઝીટીવ મૃતદેહના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. જયારે સૌથી વધુ કોરોના પોઝીટીવ મૃતદેહના અંતિમ સંસ્કાર નવેમ્બર માસમાં નોંધાયા છે. જયારે અન્ય માસમાં કોરોના મૃતકોની સંખ્યાનો આંકડો ચિંતાજનક રહેવા પામ્યો નથી. ત્યારે રવિવારના રોજ સિવિલની કોવીડ હોસિપટલમાં ૨૦ દર્દીઓએ અંતિમ શ્વાસ લીધા હતા. જેમાં ૧૪ દર્દીઓ કોરોના પોઝીટીવ હતા. આ તમામ મૃતકોના અગ્નિસંસ્કાર સેકટર-૩૦ મુકિતધામ ખાતે કરવામાં આવ્યા છે. ત્યારે સિવિલમાં પણ કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક સતત વધી રહ્યો છે જે ચિંતાજનક છે.

# લીમ્બડીયા પાસે કાર-ટ્રક વચ્ચે અકસ્માત : બે ને ઈજા

ગાંધીનગર, તા.૨૨

ચિલોડા થી નાના ચિલોડા તરફ જતા માર્ગ પર લીમ્બડીયા પાસે ટ્રક ચાલકે કારને ટક્કર મારતા કાર ડિવાઈડર પર ચડી ગઈ હતી.જયારે કારમાં સવાર એક નાના બાળક સહિત બે ને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે નરોડાની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા.જયારે ટ્રક ચાલક સામે ડભોડા પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે ફરાર ટ્રક ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ નવી મુંબઈ ખાતે રહેતા ૫૫ વર્ષિય અમરીશભાઈ કિશોરલાલ બારોટ પોતાની સાસરીમાં પૌત્રની બાબરી પ્રસંગે આવ્યા હતા.શનિવારના રોજ સવારે ૧૦ કલાકે તેઓ અરવલ્લીના મુમાઈ ગામથી ગાડી લઈને મુંબઈ જવા માટે નીકળ્યા હતા. ગાડીમાં અમરીશભાઈ તેમના પત્ની, પુત્ર -પુત્રવધુ અને દોઢ વર્ષનો પૌત્ર હતો. બે વાગ્યાના અરસામાં મોટા ચિલોડાથી નાના ચિલોડા રીંગરોડ સર્કલ તરફ આવતા લીમ્બડીયા ગામ પાસે એક ટ્રકનં.આર.જે.૧૪.જી.એચ.૮૧૧૧ ચાલકે તેમની ગાડીને ટક્કર મારી હતી. જેથી ફરીયાદીની કાર ડીવાઈડર પર ચડી ગઈ હતી. આ અકસ્માતમાં ફરીયાદીના પત્નીને માથાના ભાગે કપાળે અને ડાબા હાથ પર ઈજા પહોચતા માથામાંથી લોહી નીકળતુ હતું. જયારે પાછળની સીટમાં બેઠેલા દોઢ વર્ષના પૌત્રને માથમાં અને છાતીના ભાગે વાગ્યું હતું. અકસ્માતને પગલે બન્ને ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે નરોડાની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જયારે ટ્રક ચાલક અકસ્માત બાદ ટ્રક મુકીને ભાગી ગયો હતો. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ફરાર ટ્રક ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.




ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન પ્રવાસીઓને મોટા પ્રમાણમાં આકર્ષે છે. વિવિધ પ્રકારના પ્રાણીઓ અને પક્ષીઓ અહીં પ્રાકૃતિક વાતાવરણમાં વિહાર કરે છે. ખૂબ જ મોટા પરિસરમાં આ પ્રાકૃતિક ઉદ્યાન આવેલું હોવાથી તેને સંપૂર્ણપણે નિહાળી શકાય તે માટે ગોલ્ફ કાર્ટની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વ્યકિતદીઠ ૫૦ રૂપિયાની ટીકીટ રાખવામાં આવી છે. આ સુવિધા ઉપલબ્ધ થતા નાના બાળકો એકદમ ખુશખુશાલ બની ગયા છે.



મતદારયાદી સુધારણા કાર્યક્રમ હાલમાં હાથ ધરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત દરેક સેકટરની પ્રાથમિક શાળાઓમાં રવિવારે આ કામગીરી ચાલી હતી જેનો લાભ વસાહતીઓ લઈ રહ્યા છે.

# પતિ, સાસુ અને જેઠ સામે શારીરીક-માનસિક ત્રાસની મહિલાની ફરીયાદ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક અડાલજ ત્રિ-મંદિર અંબા સ્કુલ પાસે એટીપીએલ ખાતે રહેતી મહિલાએ શારીરીક માનસિક ત્રાસ અને તેણીને તેમજ પુત્રને માર મારતા અડાલજ પોલીસ મથકે પતિ, સાસુ અને જેઠ ફરીયાદ નોંધાવી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ત્રિ-મંદિર એટીપીએલ સનાતન-૧-એ ખાતે રહેતા હેતલબેન હેતલભાઈ રાવલ (ઉં.૪૫) પોતાના પુત્ર અને પતિ સાથે છેલ્લા આઠ વર્ષથી રહે છે. ફરીયાદીના લગ્ન વર્ષ ૧૯૯૮માં રાજકોટ ખાતે રહેતા હેતલભાઈ ચંદ્રકાંતભાઈ રાવલ સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેઓને ૧૮ વર્ષનો દિકરો છે. જયારે ફરીયાદીના પતિ હાલમાં જીએનએફસી ગીફટસીટી ખાતે આસિસ્ટન્ટ માર્કેટીંગ મેનેજર તરીકે તરીકે ફરજ બજાવે છે. લગ્નના પ્રારંભિક સમયમાં ફરીયાદી ત્રણ માસ સાસરીમાં રહીને પતિના નોકરીના સ્થળે બોટાદ ગયા હતા. ફરીયાદી બ્યુટીપાર્લર ખોલવાની વાત કરતા તેઓ મંજુરી આપતા ન હતા અને ઉપરથી તું ખર્ચાળ છે. કમાતી નથી, એટલે પૈસાની કિંમત નથી, તેમ કહીનો માનસિક ત્રાસ આપતા હતા. પતિના પગારમાંથી સાસુ-જેઠ પૈસા વાપરતા હોવાથી તે અંગે પુછતા તેઓએ માથાકુટ કરી હતી. ફરીયાદી વર્ષ-૨૦૧૧માં અડાલજ ખાતે રહેતા આવી ગયા હતા. ત્યારે પતિ પહેલા આબુરોડ અને પછી રાજપીપળા નોકરી કરતા હતા. તેઓ રજાના દિવસમાં આવતા હતા. સાસુ ત્રિ-મંદિર સંત્સંગમાં આવતા તે સમયે ફરીયાદીના પતિની નાની નાની વાતે ચઢામણી કરતા હતા. જયારે દિકરો ધોરણ-૯ માં અભ્યાસ કરી રહ્યો હતો તે સમયે શાળાની ફી અંગે વાતચીત કરતા પતિએ ફરીયાદીને જાતે વ્યવસ્થા કરી લેવાનું જણાવ્યું હતું. ફેબ્રુઆરીથી પતિની બદલી ગાંધીનગર થતા તેઓ સાથે અડાલજ આવી ગયા હતા. ત્યારબાદ પતિ ઘરના ખર્ચા અંગે વારંવાર ટકોર કરીને પિયરમાંથી પૈસા લઈ આવવાનું કહેતા હતા. સાસુ અને જેઠ ફોન પર પતિની ઉશ્કેરણી કરતા હતા. જેથી પતિ હાથ ઉગામતા હોવાનો દાવો મહિલાએ કર્યો છે. શારીરીક-માનસિક ત્રાસ અંગે મહિલાએ પિતાને જાણ કરતા પિતાએ સાસરીપક્ષના સભ્યોને ઠપકો આપ્યો હતો. તા.૧૯ નવેમ્બરની સાંજે ફરીયાદી, પતિ અને પુત્ર ઘરે હતા. આ સમયે પતિ જમવા માટે બેઠા હતા. તે દરમિયાન તેમણે પુત્રને તારો કોઈ મેસેજ આવ્યો છે, જોઈ લે કહ્યું હતું. જેથી મહિલા પતિને દિકરાના ફોનમાં જ મેસેજ ફોરવર્ડ કરી દેવાનું કહેતા પતિ ઉશ્કેરાઈ ગયો હતો. તુ બોલવાવાળી કોણ કહી શાકવાળા હાથથી ફરીયાદીના ડાબી આંખ પર મારીને વચ્ચે પડેલા દિકરાને પણ જેમ તેમ બોલીને તેને પણ માર માર્યો હતો. જેથી સમગ્ર મુદ્દે મહિલાએ અડાલજ પોલીસ મથકે પતિ, સાસુ અરૂણાબેન રાવલ અને જેઠ દર્શકભાઈ રાવલ સામે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## જન્મદિને વધામણી



કૃષ્ણકાંત જાદવ
મો. ૭૮૭૪૯ ૩૭૪૭૩



જય દિલીપભાઈ પ્રજાપતિ
મો. ૯૩૭૭૫ ૩૭૭૭૦



છાયા જે ઘેડીયા
મો. ૮૦૦૦૭ ૭૯૨૪૬



કમલેશ મકવાણા




કોરોના સંક્રમણ વધતા શહેરમાં જાણે અઘોષિત લોકડાઉન થઈ ગયું છે. શહેરીબસ સેવાને હાલ પુરતી સાવ બંધ કરી દેવામાં આવી છે. સેકટર-૬ ખાતે આવેલા શહેરી બસ સેવાનું બસ સટેન્ડ એકદમ સુમસામ લાગતું હતું.

# રિદ્ધિ થોરાતને સુવર્ણ ચંદ્રક એનાયત




ગાંધીનગર, તા.૨૨

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરક ઓનલાઈન ઉપસ્થિતિમાં પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીનો આઠમો દિક્ષાંત સમારોહ શનિવારે યોજાયો હતો. કોરોના વૈશ્વિક મહામારીને કારણે સંયમિત રીતે ઉજવાયેલા આ કાર્યક્રમમાં વિવિધ સ્નાતક અને અનુસ્નાતકના ૫૪ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક અને ૪૩ વિદ્યાર્થીઓને ડોકટર ડિગ્રી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગાંધીનગર માટે ગૌરવની વાત એ છે કે શહેરની એકમાત્ર દીકરી રિદ્ધિ થોરાતને એમ. ટેક. ઈલેકટ્રીકલમાં સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.



સેકટર-૨૧ શાકમાર્કેટ ખાતે મુકવામાં આવેલ ડસ્ટબીન તુટેલી હાલતમાં જોવા મળી રહ્યું છે. ડસ્ટબીન તુટેલું હોવાથી કચરો આસપાસ ફેલાતા અહીં ગંદકી જોવા મળે છે.




સેકટર-૧૨માં આવેલ આંબેડકર હોલની બહાર આવેલું પીપળનું ઝાડ નમી ગયું છે. ગમે ત્યારે તે પડી જાય તેવું લાગી રહ્યું છે. આ વૃક્ષથી કોઈને નુકશાન થાય તે પહેલા તેને કાપવાની જરૂરીયાત ઉભી થઈ છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. જાદવ કચરાભાઈ નાથુભાઈ, ઉ.વ. ૬૯, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ચાવડા બાલુબા અમ્બુજી, ઉ.વ. ૫૮, સૈજપુરબોઘા, અમદાવાદ
- સ્વ. સુરશ વાડીલાલ મોદી, ઉવ. ૭૧, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. લાભુબેન રમેશભાઈ પટેલ, ઉ.વ. ૫૫, મુ. ટેન્ટ, તા. માંડલ, અમદાવાદ
- સ્વ. નાયક અંબાલાલ સોમનાથ, ઉ.વ. ૮૩, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. જગદીશચંદ્ર વલ્લભરામ દવે, ઉ.વ. ૭૬, સે-૭, ગાંધીનગર
- સ્વ. સુધાકર વિઠ્ઠલદાસ પારેખ, ઉ.વ. ૬૧, સે-૧૯, ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ પદમાબેન પ્રવિણભાઈ, ઉ.વ. ૫૯, લિમ્બોદ્રા, તા. માણસા
- સ્વ. પટેલ કાળાભાઈ કચરાભાઈ, ઉ.વ. ૬૧, માણસા, જી. ગાંધીનગર
- સ્વ. મણીઆર ચંદુલાલ હરજીવન, ઉ.વ. ૮૨, કાંકરીયા, અમદાવાદ
- સ્વ. શશીકાંતભાઈ મુળજીભાઈ શાહ, ઉ.વ. ૭૯, બોરીસણા, તા. કલોલ
- સ્વ. ઈશ્વરજી ગાંડાજી ઠાકોર, ઉ.વ. ૪૮, સે-૧૫, ફતેપુરા, ગાંધીનગર
- સ્વ. તખુબેન વિઠ્ઠલભાઈ ભરવાડ, ઉ.વ. ૭૫, સે-૧૩, છાપરાં, ગાંધીનગર

# સેક્ટર-૨ અને ૨૧માં કોવિડ ટેસ્ટ સેન્ટરની મુલાકાતે મેયર



ગાંધીનગર, તા.૨૨

કોરોના મહામારીને મ્હાત આપવાની લડતમાં ટેસ્ટ કરાવવા માટે જાગૃતિ બતાવી રહેલા નગરવાસીઓને કોવિડ ટેસ્ટ સેન્ટર પર મળતી સુવિધાઓની માહિતી મેળવવા રવિવારે રજાના દિવસે મેયરશ્રી રીટાબેન પટેલ સેક્ટર-૨ના અર્બન હેલ્થ સેન્ટર અને સેક્ટર-૨૧માં કોવિડ ટેસ્ટ સેન્ટર પર પહોંચ્યા હતાં. બન્ને સ્થળે તેમણે ડોક્ટર્સ અને નર્સિંગ સ્ટાફ પાસેથી જરૂરી માહિતી મેળવવાની સાથે ટેસ્ટ કરાવવા માટે આવેલા નગરવાસીઓ સાથે વાતચીત કરીને તેમને માર્ગદર્શન આપ્યુ હતું. મેયરશ્રીએ નાગરિકોને વધુ સાવધાની રાખવા માટે અપિલ કરી હતી. તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સામાજીક અંતર જાળવવા માટે આપવામાં આવેલા દો ગજકી દુરીના સુત્રનું પાલન કરવા, સાબુથી હાથ ધોવા અને સેનેટાઈઝ કરવા કહ્યું હતું. મેયરશ્રીએ અનિવાર્ય હોય તો જ ઘરમાંથી બહાર નીકળવા તથા ઘર બહાર નીકળવા સમયે માસ્કનો ઉપયોગ અચૂક કરવા ઉપસ્થિત નાગરિકોને જણાવ્યુ હતું.

